ગાંધીનગરસમાચાર
તા. ૧૫-૧૨-૨૦૧૩, રવિવાર

તંત્રી સ્થાનેથી.....

દોડ...એકતાની જ બની રહો..!

પંદરમી ડિસેમ્બર એ રાષ્ટ્રશિલ્પી લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પુણ્યતિથિનો પાવન દિવસ છે. સરદાર સમગ્ર રાષ્ટ્રની અસ્મિતાના મહાનાયક છે. મહાત્મા ગાંધીને ઊંઘમાંથી ઉઠાડીને પૂછવામાં આવે કે જેના ઉપર તમને સૌથી વધુ વિશ્વાસ હોય એવા એક જ અનુયાયીનું નામ આપો તો એ સરદારનું જ નામ આપે એમાં કોઈ શંકાને સ્થાન નથી. સરદાર જેટલા રાષ્ટ્રભક્ત એટલા જ કટ્ટર ગાંધી ભક્ત હતા. જો એમની ગાંધીભક્તિમાં થોડી સરખી પણ કચાશ હોત તો એમણે વડાપ્રધાનપદ માટે આખી કૉંગ્રેસ કારોબારીના ઠરાવ વિરુદ્ધ જવાહરલાલ નહેરુનું નામ આપ્યું હોત ત્યારે જરૂર પોતાની નારાજગી દર્શાવી હોત. એવું ન બન્યું કારણ કે સરદાર ગાંધીજીને રાષ્ટ્રનો પર્યાય ગણીને ચાલતા હતા. કૉંગ્રેસ સરદારને ઈચ્છતી હોય પરંતુ રાષ્ટ્ર નહેરુને ઈચ્છતું હોય તો એ મુદ્દે વિવાદ કર્યા વગર ગાંધીવચન બલકે આદેશ માથે ચડાવવાથી સરદારની ઊંચાઈ એમની સૂચિત પ્રતિમા કરતાં અનેકગણી વધી જાય છે. એમની વિશ્વમાં સૌથી ઊંચી પ્રતિમા બનાવવાનો ગુજરાતના મુખ્યમંત્રીનો સંકલ્પ અવશ્ય સરાહનીય છે પરંતુ સરદાર અને ગાંધી વિચારથી જોજનો દૂર એવા રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના સંસ્કારોમાં ઊછરેલા અને યેનકેનય પ્રકારેણ સત્તા હાંસલ કરવાનું એક માત્ર ધ્યેય નજર સમક્ષ રાખી અવનવા આશ્ચર્યકારક અને મનોરંજક કાર્યક્રમ આપનારા વર્તમાન નેતાઓનો સૂર ખસૂસ એ વિભૂતિઓના સમર્પિત અને સાદગીભર્યા જીવનયોગને અનુસરતો નથી જ નથી. સરદાર કે ગાંધીને ક્યારેય પોતાનું સ્તવન ન ગમ્યું હોત. સરદારની હયાતીમાં કોઈએ એમની આભઊંચી પ્રતિમા બનાવવાની ઓફર કરી હોત તો એમણે પોતાની ચરોતરી જબાનમાં કેવો કઠોર ઠપકો આપ્યો હોત તે ખુદ અડવાણી કે મોદી પણ કલ્પી શકે એમ છે. પરંતુ જેમ બહુ વગોવાયેલા ચીમન પટેલને 'છોટે સરદાર' કહેવડાવવામાં ભારે હરખ ચડતો હતો તેમ ગુજરાતના વર્તમાન મુખ્યમંત્રીને પણ એમના વિશિષ્ટ રાજકીય હેતુસર સરદાર એક અમોઘ શસ્ત્ર જેવા લાગ્યા છે. નહેરુ- ગાંધી પરિવાર સામે એમનું નામ રમતું મૂકી પ્રજામાં સરદારને થયેલ અન્યાયના મુદ્દે ઉદ્વેલિત કરી શકાય છે. કૉંગ્રેસીઓને આ મુદ્દે શો જવાબ આપવો એ સૂઝતું નથી. એમને એમનાં કર્મ નડી રહ્યાં છે. તેથી સ્તો ક્યારેક સુભાષ તો ક્યારેક સરદાર- જે ગાંધીની કૉંગ્રેસના જ માણસો હતા અને એમના એક શબ્દ પર કૉંગ્રેસનું પ્રમુખપદ છોડી શકતા હતા અથવા વડાપ્રધાનપદનો છેક હોઠ સુધી આવી ગયેલો પ્યાલો પાછો ઠેલી શકતા હતા, એમનું ઉચિત માન સન્માન જાળવવાની પરવા કર્યા વગર તેઓ એક જ પરિવારની ભક્તિમાં રમમાણ રહ્યા કરે છે. સરદાર નામે ગુજરાત દોડે, હિંદુસ્તાન દોડે બલકે એ આગળ નીકળી ગયેલી મહાસત્તાઓને આંબી જાય એ તો કોને ના ગમે? પરંતુ સરદારના નામે દોડાવી દોડાવીને રાજકીય લક્ષ્યાંક સુધી જ પહોંચાડવાનો છૂપો ઉદ્દેશ હોય તો તે સરદારના આત્માને કબૂલ મંજૂર નહીં જ હોય. ચર્ચા-ચિંતન થાય છે, વાદ-વિવાદ થાય છે- ભેદ -મતભેદ પણભારે છે. છતાં સરદારના નામે યોજાતી દોડ એકતાની બની રહો એવી પ્રાર્થના અસ્થાને નથી.

માઉન્ટ કાર્મેલના બાળકો દ્વારા રાષ્ટ્રીય ઊર્જા બચત દિન નિમિત્તે જાગૃતિ રેલી કઢાઈ

ગાંધીનગરની માઉન્ટ કાર્મેલ શાળા દ્વારા આજે 'રાષ્ટ્રીય ઊર્જા બચત દિન' નિમિત્તે સેક્ટર-૨૧ ખાતેના ડિસ્ટ્રીક્ટ શોપિંગ સેન્ટરમાં એક જાગૃતિ રેલીનું આયોજન કરાયું હતું. આ રેલીમાં વિદ્યાર્થીઓ દ્વારા વિજળી બચત-ઊર્જા બચતના સંદેશ સાથે શક્ય હોય ત્યાં સુધી લાઈટ્સ, કોમ્પ્યુટર્સ, ટીવી, ફ્રિઝ અને અન્ય ઉપકરણોના વપરાશમાં વિવેકપૂર્ણ ઉપયોગ કરવા અનુરોધ કરાયો હતો. આ પ્રસંગે શાળામાં પણ ઈલેક્ટ્રીક બેલની જગ્યાએ પરંપરાગત ઘંટ વગાડાયો હતો.

મોરબીમાં ખેલકૂદ સ્પર્ધામાં વિજેતાઓને 'ડૉ. પ્રશાંત મેરજા ખેલ રત્ન એવૉર્ડ' એનાયત

ગાંધીનગર, તા. ૧૪

મોરબી શહેર પોલીસ પ્રાયોજીત સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત, નાલંદા વિદ્યાલયના પ્રાંગણમાં સ્પોર્ટ્સ ડેની ઉજવણી કરી બેડમિન્ટન, હોકી, ફૂટબોલ જેવી વિવિધ રમતોની હરીફાઈમાં સેંકડો વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં જોડાઈને પોતાનું કૌવત દેખાડ્યું હતું. જે પૈકી બેડમિન્ટમાં વિરલ વામજા, હોકીમાં અક્ષય કલોલા, ફૂટબોલમાં સુધીર કુલતરિયા, સેપક ટકરાવમાં માનવ ભીમાણી વિજેતા બનેલ. આ સર્વે ખેલાડીઓને ડૉ. પ્રશાંત મેરજા ખેલરત્ન એવૉર્ડ એનાયત કરી રમતવિરોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. પ્રતિવર્ષ મોરબીમાં રમત ગમતને ઉત્તેજન આપવા ડૉ. પ્રશાંત મેરજા કે જેઓ બેડમિન્ટનની શાળાકીય સ્પર્ધામાં રાષ્ટ્રીય પ્રતિભા તરીકે ઝળહળતી ફતેહ મેળવેલ તેમની સ્મૃતિમાં ખેલરત્ન એવૉર્ડ આપવામાં આવે છે.

આ રમતોત્સવને સફળ બનાવવા સ્પોર્ટ્સ ટીચર્સ જયંતિભાઈ વડાવીયા, હમીરભાઈ બાવળીયા, ઉમેશ મેર, બાલકૃષ્ણ ડાંગર, પ્રિન્સિપાલ ચેતનભાઈ દલસાણીયા અને નાલંદાના સંચાલક બી. એ. ગામીએ જહેમત ઉઠાવી હતી. આ સ્પોર્ટ્સ ડેને વધુ લોકભોગ્ય બનાવવા મોરબી-ટંકારાના પોલીસ પરિવારે પ્રોત્સાહક ઉપસ્થિતિને પ્રેરક બનાવી જુદા જુદા રમતવિરોના કૌશલ્યને બિરદાવી હતી તેમજ સરકારની પોલીસ ખાતા પ્રાયોજિત સુરક્ષા સેતુ અંગેની શુભભાવના વિષે રમતવિરોને સમજ પૂરી પાડી હતી.

એનિમલ હેલ્પ લાઈનમાં લાભાર્થે જલારામ સેવા સમાજ દ્વારા રામકથા જ્ઞાનયજ્ઞ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૧૪

શહેરના સે. ૨૯માં આવેલ જલારામ સેવા સમાજ દ્વારા જલારામ એનિમલ હેલ્પ લાઈનના લાભાર્થે શ્રી રામચરીત માનસ કથા જ્ઞાનયજ્ઞ મહોત્સવનો પ્રારંભ તા. ૨૦ ડિસેમ્બરથી ૨૯ ડિસેમ્બર દરમ્યાન આયોજન કરવામાં આવ્યું છે.

જલારામ સેવા સમાજ દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી મુંગા પશુઓ માટે સેવાકીય પ્રવૃત્તિઓ કરે છે. આ મુંગા પશુઓના લાભાર્થે શ્રી જલારામ ધામ સે. ૨૯ ખાતે રામ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પોથીયાત્રા, રામ જન્મોત્સવ, સીતારામ વિવાહ, રામ રાજ્યાભિષેક મહોત્સવ અલગ-અલગ દિવસે યોજવામાં આવશે.

જલારામ ધામ ખાતે વર્ષોના અંતરાલ બાદ પરમ વિદુષી, સુવિખ્યાત રામકથાકાર પ.પૂ. શ્રી રમાબેન હરિયાણી કથાનું રસપાન કરાવશે. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના મંત્રી પ્રદિપસિંહ જાડેજા, લીલાધરભાઈ વાઘેલા અને પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ મહેન્દ્રભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહી કથાનો લાભ લેશે. તેમજ પ.પૂ. સંતશ્રી જાનકીદાસ બાપુ કમીજલા અને પ.પૂ. સંતશ્રી મધુસુદનદાસજી બાપુ રામજી મંદિર વાવોલ ઉપસ્થિત રહી કથામાં આશીર્વચન આપશે.

જલારામધામ ખાતે યોજાનાર રામકથામાં નગરજનોને ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણ જલારામ સેવા સમિતિ દ્વારા આપવામાં આવ્યું છે.

હરિની દૃષ્ટિ...

આ સંબંધમાંથી છુટવાનો કોઇ કાયદો કરવાની જગ્યાએ, આ લોકો, સજાતીય સંબંધ રાખી શકાય તેવા કાયદો કરવાના છે...!!

ખેલ મહાકુંભની વોલીબોલ સ્પર્ધામાં પણ ચૌધરી કન્યા વિદ્યાલયે મેદાન માર્યું

ગાંધીનગર, તા. ૧૪

તાજેતરમાં ચાલી રહેલ ખેલ મહાકુંભ-૨૦૧૩માં જિલ્લા કક્ષાની વોલીબોલ સ્પર્ધા સેક્ટર-૨૩ ખાતે આવેલ સ્વામીનારાયણ ગુરુકૂળ ખાતે યોજાઈ હતી. આ સ્પર્ધામાં સેક્ટર-૭ સ્થિત જે. એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની અન્ડર-૧૬-એની ટીમે પ્રથમ અને અન્ડર-૧૬-બી ટીમે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી ચૌધરી કન્યા વિદ્યાલયનો ડંકો વગાડી દીધો હતો. વિજેતા ટીમો હવે રાજ્યકક્ષાએ યોજાનાર સ્પર્ધામાં ભાગ લેશે. બંને ટીમોને શાળા પરિવાર વતી અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

કડી વિશ્વ વિદ્યાલય ખાતે દ્વિ દિવસીય રાષ્ટ્રીય સગોષ્ઠીનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૨

સર્વ ગાંધીનગર ગુર્જર ભારતી ગુજરાત હિન્દી સાહિત્ય અકાદમી તથા કડી સર્વ વિદ્યાલય, ગાંધીનગરના સંયુક્ત તા. ૧૪-૧૫ ડિસેમ્બર-૨૦૧૩ના રોજ દ્વિ દિવસીય ભારતીય ભાષાકીય સાહિત્ય અંગે વિચાર વિમર્સ માટે રાષ્ટ્રીય સંગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સમારંભના અધ્યક્ષસ્થાને રઘુવીર ચૌધરી, મુખ્ય અતિથિ તરીકે સીતાંશુ યશચંન્દ્ર, વક્તા તરીકે નામવરસિંહ તથા પ્રાસંગિક ઉદ્‌બોધન તરીકે સર્વ કડી વિદ્યાલયના ડાયરેક્ટર ડી.ટી. કાપડીયા, મહાનુભાવો તરીકે હર્ષદ ત્રિવેદી, આલોક ગુપ્તા, મહાવીરસિંહ ચૌહાણ, ઈશ્વરસિંહ ચૌહાણ તથા ભંવરલાલ ગુર્જર વગેરે ઉપસ્થિત રહેશે. આ સેમીનારમાં ગુજરાતી, હિન્દી, મરાઠી, અંગ્રેજી સાહિત્ય વિશેના વિચાર વિમર્સ કરવામાં આવશે. રાજ્ય ખ્યાતનામ સાહિત્યકારો ઉપસ્થિત રહેશે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગોરાંદેથી ગ્લેમર... કથાથી વાસ્તવિકતા... દુહાથી દુબઈ - વી આર ચેન્જીંગ !!!

કોઈ ગુજરાતી ફિલ્મનું બજેટ અધધધધ કહી શકાય એટલું ૧.૭૫ કરોડ હોય શકે? કોઈ ગુજરાતી ફિલ્મનો ન્ડયુસર પોતાની ફિલ્મને મુંબઈ અને અમદાવાદ જેવા શહેરોના મળીને ૧૨૫ જેવા સિનેમાઘરોમાં એકસામટી રજુ કરવાની હિમ્મત કરી શકે? અને રજુ કરવાની હિમ્મત કરે તો પણ વિક એન્ડના બધા જ શો હાઉસફુલ જશે એવી આશા રાખી શકે? ને એ પણ એવા કલાકારો સાથે કે જેઓ છે તો ગુજરાતી પણ ગુજરાતી ફિલ્મોના દાયકાઓ જુના -વાહોથી વિપરીત છે. અને ગુજરાતી દર્શકોને કશુક હટકે આપવાની ઉત્કંઠા અને ગુજરાતી લાગણીઓથી ઘેરાઈ ને જો કોઈ ગુજરાતી ફિલ્મ નિર્માતા ઉપર લખ્યું એ -માણે સાહસ કરે તો નક્કી હું ને તમે એને પાગલ જ ગણીએ. પણ આવી હિમ્મત કરી છે લેટેસ્ટ હિટ ગુજરાતી ફિલ્મ 'હેપ્પી ફેમીલી -ઈવેટ લીમીટેડ'ના ન્ડયુસર આનંદ દોશીએ. લેટેસ્ટ હિટ એવો શબ્દ એટલા માટે વાપર્યો કે 'હેપ્પી ફેમીલી ..' એ ગુજરાતી ફિલ્મ માં શરુ થયેલી બદલાવની માળાનો લેટેસ્ટ મણકો છ .

એક વખત હતો કે ગુજરાતી ફિલ્મનું નામ પડે એટલે આપણી આંખો સમક્ષ ગામ, ગોકીરોને ગરબા જ નાચવા માંડે. તલવારબાજીથી લઈને ઘોડેસવારી, રાસ-ગરબા જેવા લોકભોગ્ય તત્વો ઉમેરાય. કાલ્પનિક કથાઓને લોકકથાના નામે ક્ષકો સમક્ષ રજુ કરાય. લગભગ સરખી જ સ્ટાર કાસ્ટ દરેક ફિલ્મમાં જોવા મળે. સેટઅપથી લઈને કપડાને બેક ગ્રાઉન્ડના ચીતરેલા ઘરો કે ગામડાઓ સહીત લગભગ બધું સરખું જ જોવા મળે. આવી ફિલ્મો જોનારો એક વર્ગ ત્યારે હતો અને અત્યારે પણ છે જ. ઉપેન્દ્ર ત્રિવેદી, અરવિંદ ત્રિવેદી, સ્નેહલત્તા કે કોમેડી કિંગ રમેશ મહેતાના સુવર્ણ યુગથી શરુ થયેલી ગુજરાતી ફિલ્મોની યશગાથા નરેશ કનોડિયા, રોમાં માણેક, હિતેન કુમારથી પસાર થતી થતી હિતુ કનોડિયા, વિક્રમ ઠાકોર કે ચંદન ઠાકોર સુધી પહોચી છે. વાર્તામાં ગામડાને સ્થાને શહેર આવી ગયું છે, ઘોડાની જગ્યાએ ૩૦૦ સીસીનાં બાઈક્સ. હવે હીરો જીન્સને સુટ પહેરે છે, હિરોઈન ઈંગ્લીશ બોલે છે અને હીરોની જોડે જોડ જ વિલનોની ધોલાઈ પણ કરે છે. કેનવાસ પર ચીતરેલા ઘરો હવે ફાર્મ હાઉસ થઈ ગયા છે અને મોટાભાગે ઈન્ડોર શૂટ થતી ગુજરાતી ફિલ્મ હવે આઉટડોર થતી થતી છેક દુબઈને થાઈલેન્ડ પહોચી છે.

ઓ. કે. એક ગુજરાતી તરીકે અને ફિલ્મોના ચાહક તરીકે એવરેજ ગુજરાતી ફિલ્મ ચાહકને આ બધા બદલાવની ખબર છે જ. લગભગ સિનારિયો બદલાઈ ગયો છે અને સાથે સાથે વધારો થયો છે સારી ગુજરાતી ફિલ્મ જોવા માંગતા દર્શકોનો. બધું બદલાઈ તો ગયું, વધુ ગ્લેમર પણ ઉમેરાયું તોયે એવું કેક ખૂટતું હતું જે મહત્તમ ગુજરાતી ક્ષકોને પોતાના તરફ ખેચી શકે. ગુજરાતી ફિલ્મો એક ચોક્કસ એરિયા કે વર્ગ સુધી જ સીમિત રહી ગઈ. અને જરૂર હતી બદલાવની. ક્ષકોની માંગ હતી કઈક નવા જ -કારની છતાયે એકદમ રિયલ વાર્તા ધરાવતી ફિલ્મની. એક એવી ફિલ્મ અથવા ફિલ્મોની કે જેની સાથે ક્ષક પોતે જોડાઈ શકે. એ ફિલ્મ કોઈ કલ્પના નહિ પણ એની આસપાસ કે એને જોયેલી કે જાણેલી કથા સાથે મેલ ખાતી હોય. એમાં એવું કશુક હોય જે એને પોતીકું લાગે. કશુક હટકે લાગે. અને ૨૦૧૨માં રજુ થઈ આવી જ હટકે ફિલ્મ 'કેવી રીતે જઈશ'

અમદાવાદના સીનેપોલીસ જેવા મલ્ટીપ્લેક્ષમાં પ્રીમિયરથી લઈને હટકે કથાવસ્તુ, એકદમ સાહજિક સંવાદો, ગુજરાતી ક્ષકો માટે લગભગ અજાણ્યા ગણાય એવા કલાકારોનો સાહજિક અભિનય, અત્યાર સુધી સાંભળતા આવતા હતા એનાથી અલગને ખુબ જ સુંદર ગીત સંગીત, સતત ૧૩ સઙ્ગાહ સુધી હોઉસફુલના બોર્ડ, એકધારા ૧૨૦૦ પેકડ શો. ૨૬ વર્ષના યુવાર્ની ૨૬ વર્ષના અભિષેક જૈન દ્વારા કરાયેલો આ હટકે -યોગ ગુજરાતી ફિલ્મો માટે ગેમ ચેન્જર સાબિત થયો. પોતાના મેનેજમેન્ટના સ્કીલને અભિષેકે ફિલ્મની સફળતામાં પણ જોડી દીધો. ફેસબુક યુટયુબ જેવા સોશિયલ માધ્યમોમાં આ ફિલ્મની જોરદાર પબ્લીસીટી કરાઈ. અર્બન ગુજરાતી ફિલ્મ તરીકે -મોટ કરાયેલી 'કેવી રીતે જઈશ'એ સફળતાના બધા જ રેકોર્ડ તોડી નાખ્યા. લગભગ ૮૫ લાખમાં બનેલી આ ઘાસુ ફિલ્મે ૯ કરોડનો બિજનેસ કર્યો. પૈસા કે કમાણી કરતા પણ મહત્વની વાતએ હતી કે એ ફિલ્મે ગુજરાતી ફિલ્મ સર્જકો અને ક્ષકોને એક નવી આશા આપી, એક નવી દિશા બતાવી કે જો તમે અર્થપૂર્ણ, નવીન અને કશીક હટકે ફિલ્મ બનાવો તો ગુજરાતી ક્ષક ખોબેને ધોબે એને વધાવશે જ.

અભિષેક જૈને શરુ કરેલી આ હટકે અને શાનદાર સફરનો આગલો પડાવ બન્યું છે 'હેપ્પી ફેમીલી -ઈવેટ લીમિટેડ'. પૈસાને બદલે સાટા પદ્ધતિ ચલાવતા એન્ટીલીયાપુર ગામમાં છુપાયેલા મહેતા ફેમીલીની ખડખડાટ હસાવતી વાત કહેતી આ ફિલ્મ એકવાર તો અચૂક જોવા જેવી છે જ. પૈસાને જ પરમેશ્વર માનતા મહેતા ફેમીલી ને પૈસો ગૌણ છે એવું સમજાય છે એની હાસ્ય સભર વાત કહેતી આ ફિલ્મ હાલ સારો દેખાવ કરી રહી છે. અગેઈન આર્થિક ફાયદા કરતા પણ વિશેષ મહત્વનું છે ગુજરાતી ફિલ્મ ક્ષેત્રે થયેલું કશુક હટકે. આ ફિલ્મના યુવાન દિગ્દર્શક રઘુવીર જોશીના કઙ્ગા મુજબ એમનો ઈરાદો કશુક હટકે અને ગુજરાતી દર્શકોને કૈક નવું આપવાનો હતો અને ફિલ્મને મળેલી સફળતા પછી એમનું માનવું છે કે જો તમે ક્ષકોની લાગણીને સમજી શકો તો ચોક્કસ હટકે ગુજરાતી ફિલ્મો પણ સફળ થાય જ.

જો કે 'કેવી રીતે જઈસ' પહેલા પણ વર્ષોથી સ્વચ્છ ને હટકે ગુજરાતી ફિલ્મો બનાવવાના -યાસો થતા જ રહેલા. ૧૯૩૨માં પહેલી ગુજરાતી ફિલ્મ 'નરસિહ મહેતા' બની ત્યારથી અત્યાર સુધીમાં સમયાંતરે સારી ફિલ્મો બનતી જ રહી છે. જેમાંથી અમુકને યાદ કરીએ તો ઉપેન્દ્ર ત્રિવેદીના શાનદાર અભિનયવાળી 'માનવીની ભવાઈ'એ જમાના કરતા ઘણી જ આગળ અને ત્યારના ટ્રેન્ડ કરતા અલગ જ રીતે બનાવેલી અને બહુ જ વખણાયેલી ફિલ્મ છે. એ જ રીતે રોમાં માણેક ને હિતેનકુમાર વાળી 'દેશ રે જોયા દાદા પરદેશ રે જોયા'એ સફળતાના નવા સીમાચિન્હો સ્થાપેલા. આપણા ગુજરાતી અને હિન્દી ફિલ્મોના ટોચના દિગ્દર્શક વિપુલ શાહ ણી 'દરીયા છોરું' તો કેમ ભૂલાય? ગુજરાતી સિનેમા ને આ ફિલ્મે નવો જ વિષય અને ચાઈ આપેલી. તો અમિતાભની કંપની એબી કોર્પની 'સઙ્કપદી' એ પણ ગુજરાતી ફિલ્મોને અને દર્શકોને એક અલગ જ અનુભવ કરાવેલો.

રઝળપાટ

- અજય ઉપાધ્યાય

- akurjt@gmail.com

આ ઉપરાંત પણ સમયે સમયે 'મોતીના ચોક રે સપનામાં દીઠા','જનમોજનમ', 'લવ ઈઝ બ્લાઈન્ડ', 'લાગ્યો કસુંબીનો રંગ', 'પરશુરામ', 'કર્મભૂમિ', ગુજરાતનો નાથ, 'ધૂળકી તારી માયા લાગી', વનેચંદનો વરઘોડો, 'મૂરતિયો નંબર વન', 'બાપ કમાલ દીકરા ધમાલ', 'રાધાની બાધા', 'અદલા બદલી', 'મોટા ભા', 'બેટરી હાફ', 'મોહનના મંકીઝ', 'હું પ્રેમી નંબર વન', 'સમર્પણ', 'જન્મદાતા' જેવી ફિલ્મો પણ અલગ વિષય વાળી વાર્તાઓને લીધે જે તે સમયે ચર્ચામાં આવેલી. તો હમણાં જ અલગ કારણોસર ચર્ચાસ્પદ બનેલી 'ધ ગુડ રોડ' પણ આ હટકે ફિલ્મની યાદીમાં જ આવે. ઉપરોક્ત ફિલ્મોમાંથી મોટાભાગની આર્થિક દ્રષ્ટિએ નિષ્ફળની કેટેગરીમાં મુકાયેલી. બધી જ રીતે હટકે અને જુદા જ -કારની ફિલ્મો હોવા છતાં ગુજરાતી ફિલ્મો વિષે આપણા જ મનમાં રહેલી છાપને લીધે આ સારી કહી શકાય એવી ફિલ્મોમાંથી અમુકને બાદ કરતા બાકી બધી જ નિષ્ફળ નીવડેલી. પણ નિષ્ફળતાઓ છતાં પણ સમયે સમયે ગુજરાતી સાહસિકો ગુજરાતી ફિલ્મની શિકલ ફેરવવા માટે -યત્ન કરતા રઙ્ગા છે એ આનંદની વાત છે.

આ શિકલ ફેરવવાની આગળની કડીઓમાં 'કેવી રીતે જઈશ' વાળા અભિષેક જૈને હમણાં જ લોન્ચ કરેલી ફિલ્મ ' બે યાર' અને -ખ્યાત ગાયક અરવિંદ વેગડા અભિનીત ફૂલ ટુ ધમાલ ફિલ્મ 'ક્યારે જઈશું પતાયા'નો સમાવેશ કરી શકાય. અમેરિકા જવાની ઘેલછા આસપાસ વણાયેલી વાત વાળી 'કેવી રીતે જઈશ'ની અભૂતપૂર્વ સફળતા પછી અભિષેક જૈન પાસે દર્શકોની અપેક્ષા ઉંચી હોય એ સ્વાભાવિક છે. અભિષેકની નવી ફિલ્મ 'બે યાર' નો કોન્સેપ્ટ છે ફ્રેન્ડશીપ એટલે કે 'પાક્કી ભાયબંધી' સંપૂર્ણપણે અમદાવાદમાં જ શૂટ થનારી આ ફિલ્મમાં સુન્યિા પાઠક, મનોજ જોશી અને દર્શન જરીવાલા જેવા ખેરખાંઓ અભિનયના ઓજસ પાથરશે. ' રમૈયા વસ્તાવૈયા' અને 'શુદ્ધ દેશી રોમાન્સ' જેવી હિન્દી ફિલ્મોનું સુપરહિટ સંગીત આપનાર સચિન-જીગર આ ફિલ્મમાં સંગીતકાર છે. આટલું જોરદાર સેટઅપ, કસબીઓ અને અભિષેકની ગુજરાતીઓની જીણામાં જીણી ખાસિયતો અને લાક્ષણિકતાઓને પરદા પર અસરકારક રીતે રજુ કરવાની માસ્ટરીને જોતા એટલુ જરૂરથી કહી શકાય કે ગુજરાતી સિનેમામાં 'બે યાર' નવા જ કીર્તીમાનો બનાવશે અને દર્શકોને એક સુંદર મનોરંજક અને હટકે ફિલ્મ જોવા મળશે.

તો 'કેવી રીતે જઈશ'માં જેમ અમેરિકા જવાની ઘેલછાની વાત હતી તો એ જ રીતે 'ક્યારે જઈશું પતાયા'માં ગુજરાતીઓના ફેવરીટ હોલીડે ડેસ્ટીનેશન પતાયા જવા માંગતા દોસ્તો ની હળવે હૈયે નીરુપાતી વાર્તા છે. ગુજરાતના ફેમસ સિંગર 'ભાઈ ભાઈ' ફેઈમ અરવિંદ વેગડા અભિનીત આ ફિલ્મ ઘણી રીતે હટકે છે. દુબઈ, થાઈલેન્ડ અને પતાયા જેવા ફોરેન લોકેશનો પર શૂટ થયેલી આ ફિલ્મમાં હીરો ઘોડા કે બાઈક પરથી નહિ પણ ચાર્ટર પ્લેનથી એન્ટ્રી મારે છે. છે ને એકદમ હટકે...!!!! તેમના કઙ્ગા મુજબ નામમાં ભલે પતાયા હોય પણ સંપૂર્ણ ફિલ્મ ફેમીલી એન્ટરટેઈનમેન્ટ છે અને ફિલ્મની વાર્તા દરેક ગુજરાતીને પોતીકી લાગશે. ફિલ્મની ટેગ લાઈન છે 'મસ્ત મજાની ગુજરાતી ફિલ્મ' અને આ ટેગ મુજબ જ ફિલ્મ સંપૂર્ણપણે પોતીકી લાગતી ગુજરાતી કોમેડી સ્ટોરી છે. ફિલ્મની યુનિક વસ્તુ છે એનું સંગીત. ભાઈભાઈ અને ભલા મોરી રામા થી કરોડો લોકોને ડોલાવનાર અરવિંદ વેગડા હોય ત્યાં ધમાકેદાર સંગીત હોય જ. 'ક્યારે જઈશું પતાયા'નું એક ગીત 'છોરા ચ્યો ચ્યો જયો તો..'ને ગાયું છે દીક્કિ શર્માએ ને ખૂબીની વાત એ છે કે દીક્કિ શર્મા અંગ્રેજી ઓપેરા સિંગર છે ને આપણને પહેલીવાર ગુજરાતીમાં રેપ- ફ્રોક અને ઈંગ્લીશ ઓપેરા મિક્ષ કરીને આ ધમાકેદાર ગીત સાંભળવા મળશે. અગેન હટકે !!! હાલ આ ફિલ્મને નજીકના ભવિષ્યમાં જ જોરશોરથી -દર્શિત કરવાની તૈયારીઓ ચાલી રહી છે. ફરી એક વાર ગુજરાતી દર્શકોને કશુક હટકે અને નવીન આપવાનો અરવિંદ વેગડા એન્ડ પાર્ટીનો આ -યાસ કેટલો સફળ રહે છે એ તો રીલીઝ થયા દર્શકો આ ફિલ્મ ને કેટલી વધાવે છે એ પછી જ ખબર પડશે.

આ સવાયા ગુજરાતી સાહસિકો -યત્ન કરી રઙ્ગા છે ગ્લોબલ ગુજરાતીઓની માતુભાષામાં બનતી ફિલ્મોની શિકલ બદલવાની, એને હિન્દી ફિલ્મો સમકક્ષ ઉભી રાખી શકાય એ સ્તરે પહોચાડવાની. એમના -યત્નો જોતા એક દિવસ ચોક્કસ એ સ્તરે ગુજરાતી સિનેમા પહોચશે જ. જરૂર છે એમને આપણા નેત્સાહનની, પ્યારની અને ઉત્સાહની..!!!

રીમાઈન્ડર :

જો કોમેડી કિંગ રમેશ મહેતા જીવતા હોત તો હટકે ગુજરાતી ફિલ્મોના શો પર ઝુલતા 'હાઉસફુલ' ના પાટિયા જોઈને ચોક્કસ બોલી ઉઠતઃ 'ઓ હો હો હો હો ... આટ્લા બધા માણાહ ....'